| લોક સંવાદ સેતુ(લોક દરબાર) - હળવદ તાલુકો | | | | |
|---|---|---|---|---|
| લોક સંવાદ સેતુ(લોક દરબાર) કાર્યક્રમ અંતર્ગત રજુ થયેલ પ્રશ્નોની તેમજ નિકાલ ની વિગત દર્શાવતું પત્રક | | | | |
| કાર્યક્રમ સ્થળ : સરસ્વતી શીશુ મંદિર, હળવદ તારીખ : ૨૩/૦૪/૨૦૧૬ સમય : ૦૯:૦૦ કલાકે | | | | |
| પ્રશ્ન નંબર | અરજદારનું નામ અને સરનામું | વિષય પ્રશ્ન ની વિગત | જવાબની ટૂંકમાં વિગત | રીમાર્કસ |
| ૧ | શ્રી સમીરભાઈ અમૃતલાલ એરવાડીયા રહે. મેઈન બજાર, શાક માર્કેટની બાજુમાં, મુ.તા. હળવદ જી.મોરબી | હળવદ તાલુકામાં ખેતીવાડીમાં દિવસ દરમ્યાન પાવર સપ્લાય આપવા બાબત તેમજ લો-વોલ્ટેજ બાબત | (૧)વીજળી માંગ અને પુરવઠા ની સમતુલા જળવાઈ રહે અને સિસ્ટમ પર એકી સાથે ખેતીવાડી લોડ નું ભારણ ન આવે અને સિસ્ટમ નું સારી રીતે નિયમન થઈ શકે તે હેતુ થી પીજીવીસીએલ હેઠળ ના ખેતી વાડી ફિડરો ને કુલ (64)ગ્રુપ માં વિભાજિત કરી દરેક ગ્રુપ ને મહિના માં એક અઠવાડીયા સંપૂર્ણ દિવસ દરમ્યાન વિજપુરવઠો ઉપલબ્ધ થાય તે હેતુ થી ખેતીવાડી ગ્રુપ ના અઠવાડિક સમય પત્રક ને મહિના દરમ્યાન જુદા જુદા ચાર સમય ગાળા માં વિભાજિત કરવામાં આવેલ છે . અને તે મુજબ દરેક ગ્રૂપને વારા ફરતી રોટેશનપ્રમાણે દરરોજ સરેરાશ આઠ કલાક 3 ફેઝ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે .<br><br>(૨) સમગ્ર હળવદ તાલુકામાં આવી કોઈ ફરીયાદ પડતર નથી અને જો કોઈ ગ્રાહક દ્વારા લો-વોલ્ટેજ બાબતની ફરીયાદ પેટા વિભાગીય કચેરીને મળે ત્યારે તે જગ્યાનું મોજણી કામ કરી જરૂરી તાંત્રીક મંજુરી મેળવી, જરૂરી કાર્ય કરી લો-વોલ્ટેજની ફરીયાદનું નિરાકરણ કરવામાં આવશે. | (૧) નિતીવિષયક<br>(૨) નિકાલ |
| ૨ | ધરમશીભાઇ પ્રભુભાઇ ચૌહાન મુ-રાયસંગપુર તા-હલવદ જી-મોરબી | હાલ રાયસંગપુર, મયુરનગર, ધનાળા તથા હળવદની વાડીઓમા ખેતી માટે ધનશ્યામગઢ ૬૬ કેવીમાથી ૮ થી ૧૦ કલાક પીયત માટે વીજળી મળે છે ત્યાર પછી વાડીઓમા રહેતા માણસો માટે કોઇ વ્યવસ્થા નથી જેના કારણે મોટા પાયે મુશ્કેલી થાય છે. આ બાબતે અવારનવાર રજુઆતો કરવા છતા યોગ્ય કરવામા આવેલ નથી. | પ્રવર્તમાન નીયમ મુજબ ખેતીવાડી ફીડરમા દીવસ દરમીયાન ૮ કલાક થ્રી ફેઇજ પાવર આપવામા આવે છે પરન્તુ જો ખેતીવાડી ફીડરમા ખેડુતો દ્વારા અલગથી સીન્ગલ ફેઇજ વીજજોડાણ માન્ગવામા આવે તો પી.જી.વી.સી.એલ. દ્વારા ૨૪ કલાક સીન્ગલ ફેઇજ પાવર આપવામા આવે છે.આપે દર્શાવેલ રાયસંગપુર, મયુરનગર,ધનાળા તથા હળવદની વાડીઓમા આવા કોઇ સીન્ગલ ફેઇજ વીજજોડાણ માન્ગવામા આવેલ નથી આથી આ ખેતીવાડી ફીડરમા નીયમ અનુસાર ૮ કલાક થ્રી ફેઇજ પાવર આપવામા આવે છે | નિકાલ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | પટેલ નારાયાણભાઇ નાગજીભાઇ મુ-રણમલપુર તા-હલવદ જી-મોરબી | ખેતીવાડી વીજજોડાણમા આપવામા આવેલ પાવર ચોરીના બીલની રકમ બાદ કરી આપવા બાબત | સદર ગ્રાહક શ્રી ના પ્રશ્નને આધારે ઓફીસ રેકોર્ડ તપાસતાં તારીખ.૧૫.૧૦.૨૦૧૧ ના રોજ ચેકિંગ સીટ નં.૧૬૮૯ ના આધારે ગ્રાહક શ્રી ના ખેતીવાડી વીજ જોડાણ નુ વીજ ચેકિંગ કરતા ગેરરીતિ માલુમ પડેલ જેના અનુસંધાને ગ્રાહક શ્રી ને તારીખ.૨૧.૧૧.૨૦૧૧ ના રોજ જાવક નં.૫૨૩૭ થી ૬૨૯૪૯.૬૦ નું બિલ આપવામાં આવેલ જેના અનુસંધાને ગ્રાહક શ્રી દ્વારા દિવસ ૩૦ ની અંદર વાંધા અરજી આપેલ હોત તો કંપની ના નિયમ અનુસાર પુરવણી બિલ માં જે કઈ રાહત આપી શકાતી હોત તો આપી શકાત.પરંતુ ગ્રાહક શ્રી દ્વારા તે બાબતે કોઈ પણ બાબત ની અરજી કરવામાં આવેલ નથી ,જેથી કરીને કંપની ના નિયમ અનુસાર બીજો કોઈ પણ લાભ ગ્રાહક ને આપી શકાય એમ નથી.અને ગ્રાહક શ્રી ને આપવામાં આવેલ પુરવણી બિલ કાયદેસર નું હોઈ સદર બીલ ભરવાપાત્ર છે.વધુ માં જણાવવાનું કે ગ્રાહક શ્રી દ્વારા બળેલ મીટર ના જે પૈસા ભરપાઈ કરવામાં આવેલ છે તેના અનુસંધાને જે તે વખત ના નાયબ ઇજનેર શ્રી નો સપર્ન્ક કરતા તમેને જણાવેલ કે સદર મીટર અત્રેની કચેરી દ્વારા બે થી ત્રણ વાર બદલાવવા મોકલેલ પરંતું સ્થળ પર ઓરડી બધ હોવાને કારણે મીટર બદલાવી શકાયેલ નહિ. | નિકાલ |
| ૪ | અરજદાર શ્રી,વિનોદભાઈ રતુભાઈ મકવાણા<br>રહે- સાપકડા,તા-હળવદ | મોજે સાપકડા ગામમાં રહેણાંક વિસ્તાર (સ્વામીનારાયણ મંદિરની બાજુમાં) માંથી ૧૧ કેવી લાઈન દુર કરવા બાબત | સદર સ્થળ ઉપર તપાસ કરી સ્થળ મોજાણી કરતા ૧૧ કેવી શિવલહેરી ખેતીવાડી ફીડર ની વીજલાઇન ફરી શકે તેમ નથી,માટેસાપકડા ગામમાંથી પસાર થતી ૧૧કેવિ શિવલહેરી ફીડર ના ૮ થાંભલા નીચે સલામતી અર્થે ગાર્ડીંગ કરી આપવામાં આવેલ છે.જેની સાથે અરજદાર તેમજ શેરીમા રહેતા અન્ય રહીસો સહમત છે.જેનું રોજકામ અલગથી કરેલ છે. | નિકાલ |
| ૫ | અરજદાર શ્રી-નવીનભાઈ આર મ્રેશાનીયા, રહે-ગિરનારી નગર | ગિરનારી નગર સોસાયટી,વસંતપાર્કની બાજુમાં આવેલ વિસ્તારમાં વોલ્ટેજ ઓછા આવવાં બાબત | સદર સ્થળઉપર તપાસ કરતાં ગિરનારી નગરને ૧૦૦ કેવીએ ટ્રાન્સફોર્મર વડે વીજ-પુરવઠો આપવામાં આવે છે.આ ટ્રાન્સફોર્મરનાં ત્રણેય ફેસમાં જોડેલ લોડ બેલેન્સ કર્યા બાદ ત્રણેય ફેસના વોલ્ટેજ ૨:૩૦કલાકે માપતાં ક્રમમાં ૨૫૪,૨૫૭,૨૫૬વોલ્ટ મળે છે.સદર વીજ-માપણી દરમ્યાન રજૂઆતકર્તા હાજર ન હતા,તેમ છતાં જો ઓછા વોલ્ટેજની ફરિયાદ રહેશે તો પીજીવીસીએલના પ્રવર્તમાન નિયમ મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવશે.અરજદારને ત્યાં વોલ્ટેજ બપોરે ૨:૩૦ વાગ્યે ૨૪૮ વોલ્ટ મળે છે.અર્થાત પ્રશ્નનું સંતોષકારક રીતે નિરાકરણ કરેલ છે. | નિકાલ |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | અરજદાર શ્રી-રજનીભાઈ એસ સંઘાણી | (૧) મહર્ષિ ગુરુકુળ શૈક્ષણિક સંસ્થામાં આવેલ ટ્રાન્સફોર્મરમાંથી વધુ પાવર આવવા બાબત | ૨૨૦ કેવી હળવદ સબ-સ્ટેશનથી ૬૬ કેવી રાણેકપર સબ-સ્ટેશનમાં ૬૮ કેવીથી ૭૦ કેવી સુધીનાં દબાણનો વીજ-પ્રવાહ પસાર થાય છે.જેથી રાણેકપર એસએસ માંથી નીકળતા ૧૧ કેવી મહર્ષિ ફીડરમાં વીજ-દબાણ ૧૧.૭ થી ૧૧.૯કેવી રહે છે. અરજદારનું સ્વતંત્ર ટ્રાન્સફોર્મર મહર્ષિ ફીડરમાં ૧૦ માં ક્રમે છે.જેથી તેઓને વીજ-પુરવઠો પૂરતા વીજ-દબાણે મળે છે. સદર રજુઆતને અન્વયે સંભંધિત ૨૨૦કેવી હળવદ (જેટકો)નો સંપર્ક કરી વોલ્ટેજ ઘટાડવાનું જણાવેલ.જેથી ૨૨૦ કેવી જેટકો દ્વારા ૬૬ કેવી રાણેકપર એસએસને સુચના આપેલ અને વોલ્ટેજ ૧૧.૪ કેવીથી ૧૧.૫ કેવી રાખવાં જણાવેલ.જેના લીધે અરજદારને ત્યાં ફેસ અને ન્યુટ્રલ વચ્ચે વીજ-દબાણ નીચે મુજબના નોંધાયેલ છે. આર-ફેઈસ અને ન્યુટ્રલ-૨૫૪ વોલ્ટ વાય-ફેઈસ અને ન્યુટ્રલ-૨૫૬ વોલ્ટ બી-ફેઈસ અને ન્યુટ્રલ-૨૫૪ વોલ્ટ અર્થાત હાલના તબક્કે વોલ્ટેજ બરાબર મળે છે અને આ રીતે પ્રશ્નનું સંતોષકારક રીતે નિરાકરણ કરેલ છે. | નિકાલ |
| | | (૨) મહર્ષિ ગુરૂકુળમાં યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમ માટે વીજ-જોડાણમાં માંગેલ લોડ વધારા બાબત. | મહર્ષિ ગુરુકુળ ૨૫૪૦૧-૦૮૩૨૭-૦ વીજ-જોડાણ ૨૫ કિ.વો. નું વીજ-જોડાણ ધરાવતું હતું.જે માટે સ્થળ ઉપર ૨૫ કેવીએ નું ટ્રાન્સફોર્મર હતું ગુરુકુળમાં સાંસ્કૃતિક કાર્યક્રમ હોય તેઓ દ્વારા ૫ કિ.વો.નો વધારાનો વીજ-ભાર માંગેલ,જેથી કંપની દ્વારા જરૂરી મંજૂરી લઇ સ્થળ ઉપર ૬૩ કેવીએનું ટ્રાન્સફોર્મર લગાડેલ.આ માટે અરજદાર દ્વારા રૂ.૨૯,૨૩૩ ભરપાઈ કરેલ. જેમાંથી રૂ.૨૩,૭૩૩ સિક્યુરીટી ડિપોઝિટ પેટે જમાં થયેલ છે અને રૂ.૫,૫૦૦ ફીક્ષ ચાર્જ પેટે ભરેલ છે. વધુમાં સદર વીજ-જોડાણ જીએલપી હોય વીજ બિલમાં ફીક્ષ ચાર્જ ૩૦ કિ.વો. વીજ-ભાર સુધી સરખો જ રહે છે જેથી વીજ બિલ માં વધારો થતો નથી.અને ડિપોઝીટની રકમ ગ્રાહકના ખાતામાં જ જમાં રહે છે.અર્થાત પ્રશ્નનું સંતોષકારક રીતે નિરાકરણ કરેલ છે. | નિકાલ |
| ૭ | અરજદાર શ્રી-કનુંભાઈ રામસંગભાઈ | અરજદાર શ્રી દ્વારા શ્રી મેરૂભાઈ મસરૂભાઈ તથા રતનસિહ પુથુંભા ની વાડીએ તાર ઢીલા હોઈ રીપેરીંગ કરી આપવાની અરજી બાબત | સદર સુંદરીભવાની ગામમા આવતા રાતાકડી એ.જી. ફીડર મા આવતાશ્રી મેરૂભાઈ મસરૂભાઈ તથા રતનસિહ પુથુંભા ની વાડીએ અરજદાર શ્રી ને તા:-૨૧.૦૪.૧૬ નાં રોજ રૂબરૂ મુલાકાત લઇ તેમના વાડી નાં ઢીલા તાર તા:-૨૨.૦૪.૧૬ નાં રોજ તાર ખેંચી રીપેરીંગ કરી આપવામાં આવશે જેની ખાતરી આપેલ છે.જેની સાથે અરજદાર શ્રી સંમત થયેલ છે | નિકાલ |